# ક્યાંથી હશે પંદરમાં દલાઇ લામા ?

તિબેટના ધર્મગુરૂ ને 'દલાઇ લામા તરીકે ઓળખવામાં આવે છે . દલાઇ લામાનુ ધ્યેય દુનિયામાં ભગવાન બૌધ્ધના વિચારોનો પ્રચાર પ્રસાર કરવિ. વિશ્વમાં શાંતિ સ્થાયાય તેવા કાર્યો કરવા દલાઇ લામા ની શરૂઆત ૧૩ મી સદિથી થૈ અને હજુ સુધી ચાલુ જ છે સૌથી પહેલા દલાઇ લામા (૧૩૯૧-૧૪૭૧)માં થયા જેનુ મુળ નામ હતું પેમા દોરાજી પાછળથી નામ રાખવામં આવ્યુ ગેદુંન દ્રુપ

દલાઇ લામ શબ્દ બે શબ્દો વડે બન્યો છે દલાઇ મોગોલિયન શબ્દ છે. જેનો અર્થ થાય છે "વિશાળ દરિયા" અને 'લામા' તિબેટીયન શબ્દ છે જેનો અર્થ થાય છે 'ગુરુ'એટેલે કે એવી વ્યકિત જેનામાં વિશાળ જ્ઞાન નો ભંડાર હોય્જ્ઞાન નો મહાસાગર ,(સર્વજ્ઞાન સંપન્ન )

એવું માનવામાં આવે છે કે દલાઇ લામા આવતાર ધારણ કરે છે તેઓ અમર છે તેમનો પુર્નઃજન્મ થાય છે. જેયારે દલાઇ લામા આવસાન પામે તે પહેલા તે એવું નિદર્શન કરે છે કે આ દિશા-કે દેશમાંથી નવા દલાઇ લામાનો જન્મ થશે .તે યોગ્ય દિશા બતાવે છે એ દિશા તરફ તિબત સરકારી વ્યકિતો અને અન્ય બીજા લામાઓ નવા વારસદારને શોધવા નિકળી પડે છે તેઓ ચાલુ દલાઇ લામાના અવસાન બાદ નવ મહીના પછી જન્મેલા બાળકોમાંથી હોય છે આ કાર્ય પ્રમાણમાં ખુબ અઘરુ છે. યોગ્ય કડી મળતાં તેવા બાળકને લાવવામાં આવે છે. તેને યોગ્ય જ્ઞાન,શિક્ષા આપવામાં આવે છે . અમુક નક્કી કરેલી ઉમરે તેને દલાઇ લામાની ગાદી સોપાય છે.

'વર્તમાન ૧૪ માં દલાઇ લામ તેરમાં દલાઇ લામા યુબટેન ગ્યાત્સોના ઉતરાધિકારી બન્યા હતા તેમનો જન્મ ૬ જુલાઇ ૧૯૩૫ ના રોજ તિબતના તા કસ્તેરમાં ખેડુત પરિવારમાં થયો.તેમના પરિવાર જનો તેને 'લ્હાયો દોડુંબ' નામે બોલાવતા હતા . લામા બન્યા બાદ તેમનુ નામ તેનજીન ગ્યાસતો રાખવામાં આવ્યું છે ૬ વર્ષ તેમની દલાઇ લામા થી નવાજવામાં આવ્યા હતા તેમને દલાઇ લામા બનાવવામાં તે વખતે ભારત સરકારે ખુબજ મદદ કરી હતી વર્તમાન દલાઇ લામાએ ખુબ જ સંઘર્ષમયી જીવન વિતાવ્યુ છે જેયારે તેમને લાસા લાવવામાં આવતા હતા ત્યારે ચીન સરકારે ખુબજ હેરાન કર્યા અને પૈસા આપીને ત્યાથી નિકલ્યા હતા દલાઇ લામા ગાદી ધારણ કર્યા બાદ ચીને આક્રમણુ કરીને તિબેટને પચાવી પાડ્યું આવી વિકટ પરિસ્થિતિમાં તેઓ પોતાના ધર્મ શિષ્યો અને પરંપ્રા ને જાળવી રાખવા ૩૦ માર્ચ ૧૯૫૯ ના રોજ પોતાનુ વતન છોડી મેક મોહન માર્ગથી અરુણાચલ પ્રદેશ ભારત આવી પહોચયા.તે સમયના વડાપ્રધાન પંડીત જવાહરલાલ નહેરૂ એ તેમને આશરો આપ્યો જેઓ આજે પણ છેલ્લા ૬૦ વર્ષથી હિમાચલ પ્રદેશના ધર્મશાળા સ્થળે એક

Scanned with CamScanner

શરણાર્થી તરીકે જીવન વિતાવી રહ્યા છે તેઓ ભારત આવ્યા ત્યારે ૮૦,૦૦૦ થી વધુ લોકો પોતાની સાથે લાવ્યા હતા.અહીથી તેઓ તિબેટ માટે સરકારી તંત્ર ચલાવી રહ્યા છે. તેમણે મે ૨૦૧૧ થી તિબેટ ના વહીવટથી નિવૃતિ લીધી અને માત્ર શાંતિ અને વ્યવસ્થા તથા ખાસ તિબેટની સ્વતંત્રતા માટે પ્રયાસો કરી રહ્યા છે તેમણે દુનિયાના લગભગ તમામ દેશોની મુલાકાત કરી છે વડાપ્રધાનો,રાષ્ટ્રપતિઓને મળીને વિશ્વશાંતિ અને તિબેટની સ્વતંત્રતા માટે પ્રયાસ કર્યા કરે છે તેઓ ભારત વિશે કહે છે કે I am the messenger to Indin ancient thoughcs the world over

વિશ્વ શાંતિના પ્રયાસોના કારણે ૧૯૮૯ માં તેમને વિશ્વ શાંતિ માટે નો શ્રેષ્ઠ પુરૂસ્કાર નોબલ પુરૂસ્કારથી સ્નમાનિત કરવામાં આવ્યા એઓ છેલ્લા ૬૦ વર્ષ થી ભારતમાં રહે છે અને દુનિયાના તમામ દેશોમાં ભારતની યશગાથા કહેતા આવ્યા છે.ત્યારે તેમને 'ભારત રત્ન' એવોર્ડથી નવાજવાની ચર્ચાઓ થઇ રહી છે ચીન એવુ માની રહ્યુ છે કે પંદરમાં દલાઇલામા ચીન થી હશે તો બીજી બાજુ એવું ચર્ચાઇ રહ્યુ છે કે લામાનો જન્મ ભારતમાં થઇ ચુક્યો છે દલાઇ લામાને આપેલા શરણને લઇને ચીન,ભારતના સંબધો તનાવ યુક્ત રહ્યા છે. ત્યારે હવે પછીના દલાઇલામા ક્યાંથી બને છે તેના પર સમગ્ર જગતની દષ્ટિ છે.

પ્રો.નંદકુમાર.હેમચંણી

(રાજયશાસ્ત્ર)

Scanned with CamScanner